# સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા વૈદિક પરિવાર સ્નેહ મિલન સમારોહ ઉત્સાહભેર સંપન્ન



શ્રી અવધેશપ્રસાદ પાંડેય


શ્રી વી.એસ.ગઢવી

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા ૧૮મી એપ્રિલ, ૨૦૧૪, સાંજે ૫-૩૦ કલાકે બલરામ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે વૈદિક પરિવાર સ્નેહ મિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. ચૈત્રી સુદ એકમ સૃષ્ટિ સંવત ૧,૯૬,૦૮,૫૩,૧૧૫ ના નવા વર્ષમાં પ્રવેશ નિમિત્તે યજાયેલા આ સમારોહમાં વૈદિક પરિવારો ઉપરાંત ધાર્મિક તેમજ સેવાકીય સંસ્થાના પ્રતિનિધિઓ, ઉચ્ચ સરકારી પદાધિકારીઓ, આર્યસમાજના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



આ સ્નેહ મિલન સમારોહના મુખ્ય અતિથિ તરીકે વર્તમાનમાં માહિતી કમિશ્નર તથા નિવૃત્ત આઈએએસ અધિકારી શ્રી વી.એસ.ગઢવી ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે સામાજિક ચેતના પ્રગટાવનાર ગુજરાત પ્રાન્તની ત્રણ વિભૂતિઓ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને મહર્ષિ દયાનંદ સરસ્વતીની વાત કરી તેમના પ્રભાવક કાર્યોનો પ્રચાર કરવા આગળ આવવા અનુરોધ કર્યો હતો. જ્યારે જીવનમાં કોઈ વિકટ પરસ્થિતિ ઉભી થાય, હતાશા-નિરાશાનો ભાવ આવે ત્યારે સિંહસમાન ઓજસ્વી વીરપુરુષ મહર્ષિ દયાનંદનું સ્મરણ કરવા તેમણે જણાવ્યું હતું.નાત-જાતપ્રથા, બાળવિવાહ, સતીપ્રથા, જડ કર્મકાંડ, દોરા-ધાગા, મંત્ર-જંત્ર, ફલિત જ્યોતિષ વગેરેનો વિરોધ કરી સ્રીશિક્ષા, નવી ગુરુકુળ પ્રથા, શુદ્ધિકરણ, વેદનું પઠનપાઠન કરાવનાર મહર્ષિજીના કેટલાક જીવનપ્રસંગો રજૂ કરી તેમનું જીવનચરિત્ર રસપ્રદ શૈલીમાં પ્રસ્તુત કર્યું હતું. તેમણે કહ્યું કે મહર્ષિ દયાનંદે આટલા બધા સમાજ જાગૃતિનાં કામ





ન કર્યા હોય અને એક માત્ર સત્યાર્થ પ્રકાશ ગ્રંથ લખ્યો હોત તો પણ સમાજ તેને હજારો વર્ષો સુધી યાદ કરત. તેમણે સત્યાર્થ પ્રકાશ ગ્રન્થ ઉપર પ્રકાશ પાડી સૌને તેનું અધ્યયન કરવા પ્રેરણા આપી હતી. પાખંડના ગઢો પર જઈ વિજયપતાકા લહેરાવનાર સત્યના આ મહાપુજારીના જીવનના કેટલાક રમૂજ પ્રસંગો વર્ણવી તેમની સેન્સ ઓફ હ્યુમરની પ્રસંશા કરી હતી.



વૈદિક પ્રવકતા શ્રદ્ધેય શ્રી અવધેશપ્રસાદ પાંડેયએ પોતાના પ્રેરક વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે મનુષ્યએ વ્યકિતપૂજક નહિ પણ તત્વપૂજક, સત્યપૂજક બનવું જોઈએ. મહર્ષિ દયાનંદ સરસ્વતી સત્યપૂજક હતા. અજ્ઞાનરુપી અંધકારનું છેદન-ભેદન કરી સત્યનો પ્રકાશ આ ધરતી પર રેલાવનાર મહર્ષિ દયાનંદે વેદોને ઈશ્વરોક્ત ઘોષિત કરી વેદો તરફ સમાજને પાછો વાળવા ખૂબ પૂરૂષાર્થ કર્યો. આધ્યાત્મિક ચેતનાને આંદોલિત કરનાર ગુજરાતના આ સપૂતનો જીવનમંત્ર જ વેદ અને સત્ય હતો. મહર્ષિ દયાનંદે જ સૌ પ્રથમ ઘોષણા કરી હતી કે ઈશ્વર ભક્તિ અને રાષ્ટ્ર ભક્તિ અલગ અલગ નથી. સાચો ઈશ્વરભક્ત અવશ્યપણે રાષ્ટ્રભક્ત હોય જ છે. સત્યાર્થ પ્રકાશ ગ્રંથની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે મહર્ષિના ગ્રંથનું એક એક વાક્ય આપણા માટે રત્નસમાન અતિમૂલ્યવાન છે, માર્ગદર્શક છે. વેદના ભણવા-ભણાવવા પર ભાર મૂકતાં તેમણે જણાવ્યું હતું કે શિક્ષક બની અન્યને ભણાવનાર મનુષ્ય જ વધુ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. વેદનો પ્રચાર અન્યને ભણાવ્યા વિના કયા પ્રકારે સંભવી શકે ? ભણાવ્યા વિના ભણતર ટકશે નહિ, વધશે નહિ. દરેક વ્યકિતમાં વેદની જ્યોતિ પ્રગટાવવાની જરુર છે. આવો, આપણે વેદસ્વાધ્યાય કરીએ. શિક્ષક બનીએ, શિક્ષક બનાવીએ. વેદવિદ્યાના શિક્ષક બનવાથી સંસાર સ્વર્ગમય બની જશે.



# (પાન-૩)

સર્વોત્કર્ષ સેવા સંસ્થાનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના ટૂંકા વ્યાખ્યાનમાં કહ્યું હતું કે શ્રી પાંડેયજી જેવા વિદ્વાનનો લાભ ગાંધીનગરની સામાન્ય જનતાને મળે તે માટે તેમના વ્યાખ્યાનો પારિવારીકની સાથે જાહેર સ્થળોએ રાખવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યું હતું કે ઈશ્વરની પૂજા બે પ્રકારે થાય છે. સવારે અને સાંજે સંધ્યા, હવન કરવું એ પૂજાનો એક ભાગ છે જયારે વ્યવહારમાં ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું એ પૂજાનો બીજો ભાગ હોવાનું જણાવી બંને કાર્યો કરવા ઉપર તેમણે ભાર મુક્યો હતો.

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા આણંદ ખાતે મંદ બુદ્ધિના બાળકો માટે એક આવાસીય શાળા તથા વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર શરુ કરવામાં આવ્યું છે. આ શાળાનું સંચાલન કરી રહેલા આણંદ આર્યવીર દળનાં સંચાલક શ્રી



જિગ્નેશભાઈ ઠક્કરે આ વિશે સંક્ષિપ્તમાં માહિતી પ્રદાન કરી હતી. ગાંધીનગર ખાતે ચાલતા કેન્દ્રોનાં કેટલાક સત્સંગીઓએ પોતાના પ્રતિભાવો આપી તેમને વૈદિક જ્ઞાન સાથે જોડાવાથી થયેલા લાભો ઉપર પ્રકાશ પાડી વૈદિક જ્ઞાન પીરસી રહેલા શ્રદ્ધેય શ્રી અવધેશપ્રસાદ પાંડેય પ્રતિ પૂજ્યભાવ પ્રગટ કર્યો હતો.

કાર્યક્રમનાં પ્રારંભમાં સ્વાગત પ્રવચન શ્રી બળદેવભાઈ પટેલે કર્યું હતું જયારે અંતમાં આભારવિધિ શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ કરી હતી. મંચનું સંચાલન શ્રી મનોજભાઈ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી લક્ષ્મણભાઈ આર્ય, શ્રી ગમનભાઈ પટેલ, ડૉ. ચંદુભાઈ અંબવાણી, શ્રી મનોજભાઈ પુરાણી, શ્રી સુરજ ત્રિપાઠી સહિત અનેક કાર્યકરોએ પ્રસંશનીય કામગીરી કરી હતી. શ્રેષ્ઠી મહાનુભાવોમાં શ્રી મયુરભાઈ શાહ, શ્રી અજમલભાઈ આર્ય, શ્રી લક્ષ્મણભાઈ પારસિયા સહિત અનેક મહાનુભાવોએ સહયોગ પ્રદાન કરી કાર્યક્રમને સફળ બનાવવામાં ફાળો આપ્યો હતો.

